સીતળા સાતમ ની કથા

સ્કંધ પુરાણ ઉપરથી

રચનાર.

શા૦ ગોકળદાસ બાપુજી.

પ્રસિદ્ધ કરનાર

શા૦ વલભદાસ ગુંદરજી.

પારસી પ્રિંટિંગ પ્રેસ.

મુંબઈ.

સંવત ૧૯૪૪ સને ૧૮૮૮.

કીંમત અરધો આનો.

૩૫૨૧

સીતળા સાતમની કથા.

સ્કંધ પુરાણ ઉપરથી.

પ્રથમ રમણ પુરમાં ધર્મ દત્ત કરીને એક નિર્ધન વાણીઓ હતો તેને ચાર પુત્ર હતા તેમાં ત્રણ પૂત્ર જે મોટાં હતાં તે ખેતીવાડીનો ધંધો કરી તાણી તેથી પોતાના કુટુંબનું પરિ પોશણ કરતાં હતાં. તેને ઘેર એક ગાય હતી, તેનું દુધ વેચીને જે પૈસા આવે તે ધર્મદત્ત પોતાની પાસે રાખતો હતો. ચોથો પૂત્ર કાનજી કરીને હતો, તે ઘણો આળશુ હોવાથી કંઈ પણ ઉદ્યમ કરતો ન હતો, તેથી ઘરમાં તેના મા બાપ તથા ભાઈઓ સાથે રોજ કજીયો થયા કરતો હતો. શ્રાવણ માસની સુકલ પક્ષની સીતળા સપ્તમી આવે. ત્યારે તે વખતમાં ઊંચવરણ ના સઘળા માણસો સીતળા સપ્તમી (ટાઢી સાતમ) જાણીને આગલે દીવશે પકવાન ઇત્યાદી, રશોઇ કરીને રાખે, ને સપ્તમીને દિવશે ભોજન કરતાં. એવી રીતે સીતળા સપ્તમીનુ વ્રત કરતાં હતા.

ધર્મ દત્તે સીતળા સપ્તમીનો દીવશ આવેછે એમ જાણીને તેણે જે ગાયનું દુધ વેચીને પૈસા એકઠા કરી રાખ્યા હતા, તેમાંથી શ્રાવણ માસની સુકલ પક્ષની છઠને દીવશે બત્રીસ ભોજનની શામગ્રી લાવીને રસોઇ તૈયાર કરી રાખી. તે દીવશે કાનજી ભાઇને તો એના માત પીતા સાથે કજીયો થયલો હોવાથી કમાવાની આશાએ ગયો હતો. પણ આળશુ ઘણો, તેથી જેમ તેમ ભીલે મોહોડે સીતળા સપ્તમીને દીવશે પાછો ઘરમાં આવ્યો, તે વખતે સર્વ કુટુંબ એકઠા થઇને ભોજન કરવા બેસરા હતા. તે સમયે તે સરમાતો સરમાતો પોતાની માતા પાસે

આવીને બોલ્યો કે મને પણ ભુખ લાગી છે. ત્યારે તેની માતા એ કહ્યું કે તું કાલનો કમાવા ગયો હતો તે શું કમાઈ લાવ્યો. તે દેખાડ તો તને પણ ખાવા આપુ. નહીતો હવે કોકટનું ખાવાનું નથી. કાનજીએ કહ્યુ કે માતાજી મને એક પૈસા પણ મલ્યાં નથી. આ સાંભળી તેની મા ઘણી ક્રોધાયમાન થઇને બોલી કે બેસ, તને ખાવાને આપુંસ્તુ, એટલે કાનજીભાઈ તો પલાંઠી વાળી પતરાળી લઇને બેઠા, પણ તેની માએ તેનું ભાણુ પીરસ્યું નહી, ને બાકીના સર્વ છોકરાંઓ તથા તેની સ્ત્રીઓની પતરાળી પીરસી, તેથી તેઓ ભોજન કરવા લાગ્યાં. પણ કાનજીની પતરાળીમાં કંઈ પણ પીરસ્યું નહી, ને તેની મા ઘરમાં જઈ ચુલો સળગાવી, લોખંડનો તવો હતો, તેને ચુલામાં નાખીને ઘણો તપાવી લાલ ચોળ કરી, ચીપીયાથી પકડી. લાવીને તેના ભાણામાં મુકીને કહ્યું કે, આ તું ખા, જેને કમાતા ન આવડે તેના એ હાલ થાય. કાનજી આ બનાવ જોઇને અઘોર વિચારમાં પડયો ને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે મને કમાતા આવડયું નહી તેથી મારી માતાએ મને આ લોખંડનો તવો તપાવીને ભોજન કરવા આપ્યો. અરે રે ! ! ! આ દુનિયા સૌ પૈસાની સગી છે, હવે મારે આ ઘરમાં રેહવુ એ ઠીક નહી. એમ વિચારી તેણે તે તવાને પાણી છાંટી સીતળ કરીને, તે પોતાની સાથે લઇને, ઘરની બાહાર, તેની સ્ત્રી કાનાદે જે ઘણી ડાહી, અને અંચળ, ભણેલી હતી, પણ પોતાના ધણીને કમાતા ન આવડે તેથી તેનું માન ન હતું. તેથી તેને ઘરનું સર્વ કામ કાજ કરવું પડતું હતું. તે દીવસે કાનાદે ગામનું પાણુ એકઠું કરીને છાણા થાપતી હતી, ત્યાં આવી સર્વે વૃતાંત કહીને બોલ્યો કે આ તવો મારી માતાએ મને ભોજન તરીકે આપ્યો, માટે મારે એ તવાને માન આપવું જોઇએ. એમ કહી તેની પાસ, પોતાની ઓરડીમાં શુ થાવી, ઓટપર મુકી, ઘરમાં, આવ, પોતાના, પાઘડી લુગડાં પેહેરી એક તાંબાપાવ

ગયું, પાછો પોતાની સ્ત્રી આગળ આવીને બોલ્યો કે હે પ્રિયા હવે હું પેટને અર્થે પરદેશ જાઉં છું: તું તારા પતિ-કુળગણ માં રહી, આ મારો પ્યારો બેટો ગુણચંદ કે તારા ખોળામાં છે તેનું જતન કરજે. મને વાટ ખરચીને સારૂં તારી પાસે કંઈ હોયતો આપ. પોતાના સ્વામિના આ વચન સાંભળી તે બાપ રીનું હૃદય ભરાઇ આવ્યું. પણ પોતાનો પતિ પરદેશ જાય છે એમ જાણી તેણે પોતાનાં ચક્ષુમાં નિર ભરાઈ બોલીકે મારી પાસ હાલ બીજું કંઈ નથી. હાલ આ સુકેનાં છાણાં છે. એમ કહી તેમાંથી પાંચ છાણાં લઈ ને આપ્યાં. પોતાની સ્ત્રીની ગરીબ અવસ્થા જોઈ કાનજી ઘણો અફસોસ કરવા લાગ્યો. તે પાંચ છાણા લઇ, પોતાની ઝોળીમાં નાંખી, ગણપતિનું સ્મરણ કરી ચાલવા માંડયું. રસ્તે જતા જતાં પોતા ઉપર પડેલા દુઃખને યાદ કરી કપાળે હાથ દઈ ગાયછે.

(રાગ—અંજગ)

જગમાં નહી મારૂં કોઈ, કાંકો, મામો કે કોઇ—ટેક.
માત તાત ભ્રાત સુત નારી, સૌ સ્વાર્થના હીતકારીજી;
બીન સ્વાર્થનું નહી કોઈ.—કાકો.
સાસુ સસરો ને સાળાએલી, માગે જો ધનની થેલીજી.
બેન ભાણેજ પૂત્રી, જમાઇ.—જગ. ૨
વડ સાસુ સાળો સાળી, પૈસાને થાયે વહાલીજી;
ધન વિના સગું નહી કોઇ.—કાકો ૩
અન્ન માગ્યું માતા પાસે, મન થઇ અતિ ઉદાસીજી;
લાવી તજ્યો જાણી બોઇ.—જગ. ૪
પેટ અર્થે પરદેશ જાવું, ભાથું છાણાનું પાસુંજી;
અંત સમે સગું નહી કોઇ.—કાકો. ૫

આગળ ચાલતાં મહા ભયંકર અરણ્યમાં નિકળી ગયો. તેને ભારી તૃષા લાગવાથી પાણી પીવાની આશાએ, થોડેક દૂર એક વાવ હતી, ત્યાં આ પીને ભાણો ચાકેલ હોવાથી આરામ લેવા બેઠો.

રમણુ પુરમાં ધર્મ દત્તને ઘેર સર્વ ભોજન કરી ઉઠયા પછી ભાં નજીની ચેષ્ટા (મશ્કરી) કરતાં હતાં. એટલામાં સીતળાએ આ વીને તેના ચુલામાં આળોટવા માંડયું. તે ચુલો સલગતો હોવા થી તેનું સરીર દાઝી ગયું, તેથી મને બાળી તેનું પેટ બળજો એવો શ્રાપ દેતાં દેતાં પેલા અરણ્ય વિશે વાવમાં જ્યાં પોતા નું સ્થાનક હતું, ત્યાં આવીને રહ્યા. કાનજી પાણી પીવાને તે વાવમા ઉતર્યા, તેને કાને આ સબ્દો પડવાથી, તેણે આમ તેમ જોયું તો સ્થાનક વિશે શીતળાં બળ બળ થતાં હતાં, તે જોઈ ને તેણે તાંબાના પાત્રમાં વાવનું નિર્મળ જળ લાવીને છાંટીને સીતળ કર્યા. સીતળા આથી ઘણું પ્રસન્ન થઇને બોલ્યાં કે મા ગ માગ, જે માંગે તે હું તને આપું. કાનજીએ કહ્યું કે હું કાલનો ભુખ્યો છું, મને કંઈ ખાવાનું આપો. સીતળાએ કહ્યું કે તારી ઝોળીમાં ખાવાનું છે પણ આજે તેં મારૂં વ્રત કર્યું છે તેથી તું દહીને ચોખાનું ભક્ષ કરજે. આગળ જતાં તને રાજ્ય મળશે. કાનજીએ વિચાર્યું કે ઝોળીમાં તો છાણું છે. એ મ જાણી ત્યાંથી આગલ ચાલવા લાગ્યો. સાયંકાળે એક ગા મની બાહાર એક વૃક્ષ તળે બેસીને, પોતાની ઝોળીમાંથી એક છાણું કાહાડીને ભક્ષ કરવાના હેતુથી બે વિભાગ કર્યા, તો મા હેથી એક અમુલ્ય રત્ન નિકળ્યું. તે લઇને ગામમાં જઇને વટા વ્યું તો તેના ઘણા રૂપીઆ ઉપજ્યા, તેના ચોખા વિગેરે લ ઇને, બ્રાહ્મણોને દાન કરીને પોતે પણ તેનો આહાર કર્યો. બાકીના રૂપીઆ લઇને તે આગળ ચાલ્યો. તે ઘણો દૂર ગયો પ ણ રસ્તામાં વાવ, કુવો, તળાવ ન હોવાથી પેલા રૂપીઆમાંથી ખરચીને એક કુવો કરાવ્યો. તેના ઉપર સોનેરી લેખ કોતર ાવ્યો કે "કાનજીનો કુવો કાનાહેતું પુંન ને સીતળાનો પર તાપ". પછી આગળ ચાલવા લાગ્યો. ત્યાં ઘણા કઠીઆરાઓ કાષ્ટના ભારા બાંધીને દુરથી આવતા હતા તે થાકેલા હોવાથી કાષ્ટનાં ભારા રસ્તામાં નાંખી આરામ લેવા બેઠા હતા. તેઓ કાન

જીને એહને બોલ્યા જે, તમો જરા હાથ આપો તો આ કાષ્ઠ ના ભારાં માથે મુકીને અમારે માર્ગે જઇએ. કાનજીએ તેના કહ્યાં મુજબ કર્યું. તે ઠેકાણે કાનજીએ વઢેમાકું ને આ ગામ લેવાને વાસ્તે વિશામો બંધાવ્યો. તે ઉપર પણ નામ કે તરાવીને આગળ ચાલવા માડયું. ઠેકાણે, ઠેકાણે ધરમનું કામ કરતા કરતો રામપુર નગરમાં આવી પહોંચ્યો. ત્યાંના રાજાની કુંવરી અતિશય સ્વરૂપવાન અને સદગુણી હોવાથી, તેના સમાન કોઇ વર ન મળવાથી ઇચ્છા વર વરવાને સર્વ દેશાવરના રાજવંશીઓને તેડાવી, સભા કરી હતી. આગલે દીવશે રાત્રીને વિષે તે રાજ કન્યાને સ્વપનામાં સીતળાએ આવીને કહ્યું કે, જેને ખભે ઝોળી ભરેલી હોય, અને તેમાં છાણા હોય અને તેમાંથી રત્ન નિકળે તેને તું પરણજે. એમ કહીને સીતલા અદષ્ટ થઈ ગયાં. રાજ કન્યાએ જાગીને જોયું તો કંઇ દીઠું નહી, તેથી તેણે વિચારમાં રાત્રી નિર્ગમન કરી. બીજે દીવસે હાથમાં વરમાળ લઇ, તે રાજ સભામાં ઇચ્છાવર વરવાને અનેક રાજાના સ્વરૂપ જોતી ફરતી હતી. આ સમયે કાનજી પણ ત્યાં ભાગ જોગે નિકળી આવ્યો તે સર્વ સભાની પછવાડે થોડેક દુર જ્યાં બીજા માણસો જોવાના આશાએ ઉભા હતાં, ત્યા આવીને ઉભો. તે રાજ કન્યાની નજરે પડયો. રાજ કન્યાએ ત્યાં આવીને કહ્યું કે તમારી ઝોળીમાં શું છે તે મને આપો. ત્યારે કાનજી ગભરાઇને બોલ્યો જે, મારી ગરીબની શું કરવા ને ચેષ્ટા કરો છો? એમા તમારે લાયક કંઇ પણ ચીજ નથી. રાજ કન્યાયે કહ્યું કે જે હોય તે દેખાડો હું તમને વરવાની ઇચ્છાએ આવીછું. આ સાંભળી તે બાવરો બની ગયો જે હવે શી વલે થશે. રાજ કન્યા પોતાની હઠ છોડતી નથી. પછી તેણે ઝોળીમાંથી છાણા કાહાડીને દેખાડયાં, તો તે છાણામાંથી સીતળાના કહ્યા માફક રત્ન નિકળ્યાં, એટલે તેણે વરમાળ તેના ગળામાં આ

જાણે આ જોઇ સર્વે સભા આશ્ચર્ય પામી ને બોલી જે આવા ભીખારીને રાજ્ય કન્યા વરે એ ઠીક નહી, તેથી તેના પીતા કર્મધજ રાજાને ઉશ્કેરણી કરી કહ્યું જે અમારા જેવા રાજવંશી ઓને મુકીને આવા ઝોળી બંધ ભીખારીને વરે એ ઠીક નહી કર્મ ધ્વજ રાજાએ પોતાની પુત્રીને અનેક પ્રકારે સમજાવી ને કહ્યું કે આવા ભીખારી ને પરણવાથી રાજવંશીને લંછન લા ગે. રાજકન્યાયે કહ્યું કે મારા નસીબમાં જે હતો તે મને મળ્યો, વાસ્તે હું તો એને પરણીશ. રાજાએ પોતાની પુત્રીને હઠીલી જાણી કાનજીની જ્ઞાત તથા કુળ વિશે પુછ્યું. કાનજી એ કહ્યું કે મારૂં નામ કાનરાજ. હું રમણ પુરના ધર્મદત્તનો પુત્ર છું આ સાંભળી રાજાએ પોતાની પુત્રીનું કાનરાજ સા થે વિધી પ્રમાણે લગ્ન કરી, તેને પોતાનું રાજ આપી, એક અરણ્યમા પોતે જઇને તપશ્ચર્યા કરવા લાગ્યો. કાનરાજ પ્રનિતિ પ્રમાણે રાજ્ય કરવા લાગ્યો. આ દેશમાં પાણીની ઘણું તંગાસ હોવાથી તેણે ગામના બાહાર એક મોટી વાવ બંધાવવા માંડી. તેમાં કેટલાક ગરીબો કામકાજ કરતા હતા તેને રાજા દીવશમાં બે વખત માણસ દીઠ બે રોટલા ને છાશ આપી વા વનું કામ કરાવતો હતો.

રમણ પુરમાં ધર્મદત્તના ઘરમાં સીતલા આવી ચુલામાં ફ રવાથી તે દાઝી ગયા, તેથી તેના શ્રાપે કરીને તેનું ઘરમાં અક સ્માત આગ લાગવાથી સર્વસ્વ બળી ગયું. માગનારાઓએ આવીને, દુઃખ દેવા માંડયું. ધર્મદત્તનું સર્વ કુટુંબ ભીખારી હા લતમાં આવી ગયું. જ્યાં ત્યાં તેનું અપમાન થવાથી પોતા ના કુટુંબ સહીત ભીખારી હાલતમાં રાતો રાત નિકળી પડયો. તે એ રસ્તામાં વનફળ વિગેરેનો આહાર કરીને પોષણ કરતાં કર તાં કાનજીના બંધાવેલા કુવા આગળ આવી પહોચ્યા. તે કુવા ઉપર પોતાના સ્વામીનું નામ જોઇ કાનાદે બોલી જે સાસુ જી આ કુવા ઉપર અમારા પુત્રનું નામ છે. તે સાંભળી તેની

સાસુએ કહ્યું કે તારો ધણી ક્યાંય રખડી રખડીને મરી ગયો હશે. આતો કોઈ ધર્મવંત પુરૂષે કરાવ્યો હશે. કાનજી જેવા કમાઉ આવાં કામ કરે તેમાં નવાઈ શી !! કાનાદે આવા કડવા વચન સાંભળી ચુપચુપ બેસી રહી. થોડી વારે ત્યાંથી આગળ ચાલવા માંડયું. રસ્તામાં પેલો વિશામો આવ્યો ત્યાં પણ પોતાના ધણીનુ નામ જોઇ કાનાદેએ પોતાની સાસુ આગળ વાત કહી. ત્યારે સર્વ જણ એકઠા થઈ તેને ધિક્કારવા લાગ્યા, અને બોલ્યા કે તારો ધણી ક્યાંય મરણ પામ્યો હશે. એવી રીતે તેને ધિક્કારતા ધિક્કારતા રામ પુરમાં આવી પહોંચ્યા, અને પેલી વાવ ખોદાતી હતી ત્યાં બીજા ગરીબોની માફક કામ કરી રોટલા અને છાસ લાવી પોતાનું પોષણ કરવા લાગ્યાં. એમ કરતાં તે વાવ તૈયાર થઇ પણ તેમાં પાણી આવ્યુ નહી ત્યારે કાનરાજે જોશીઓને બોલાવીને પૂછ્યું કે વાવમાં પાણી કેમ નથી આવતું ? ત્યારે જોશીઓએ કહ્યું કે એક બાલકનુ બળીદાન જળ દેવતાને આપવાથી પાણી ભરાશે. આ સાંભળી કાનરાજે પોતાના વજીરને હુકમ કર્યો કે સો રૂપીઆ આપવા કરી કોઈનું પણ બાળક લાવીને તેનું બલીદાન આપો. હુકમ થતાંનેવાર વજીર આખા ગામમાં ફરી વળ્યો પણ કોઇએ બાળક આપ્યું નહી. ત્યારે નિરાશ થઈ વાવ ઉપર આવ્યો. કાનાદે પાસે તેનો પુત્ર જોઇને વજીરે ધર્મદત્તને કહ્યું કે રૂપીઆ સો લઇને તમારો પુત્ર આપો. ધર્મદત્તે પોતાની ગરીબ હાલત જાણી કાનાદે પાસેથી પોતાના પુત્રના પુત્રને લઇને વજીરને આપ્યો. કાનાદે અતિશય મનમાં દલગીર થઇ પણ પોતાના સસરાનું વચન ઉલંઘન ન થાય વાસ્તે પુત્ર આપ્યો. વજીરે તે બાળકને સુગંધી તેલથી સ્નાન કરાવી, વરૂણ દેવનું પૂજપાઠ સ્થાનમાં શુભ મુહૂરત જોઈ બાળકને પારણામાં સુવાડી વાવના મધ્ય ભાગે મૂકીને બોલ્યો કે હે જળ દેવતા ! પ્રસન્ન થઇને આ વાવ પાણીથી ભરો. તેજ વખતે આખી વાવ પાણીથી

ચીકર ભરાઈ ગઈ. તેથી બાળક ડુબી ગયુ. વાવમાં પાણી આવેલું જાણી રાજા ઘણો ખુશી થયો, તેથી તેણે પેલા ગરીબ કામ કરનારાઓને પોતાની હજુરમાં ઇનામ આપવા સારૂ બોલાવ્યા તેમાં પોતાનું સઘળું કુટુંબ જોઇને કાનરાજ પોતાના કુટુંબની આવી હાલત જોઈ ઘણો દલગીર થયો પછી વજીરને પોતાની સ્ત્રીને દેખડાવીને કહ્યું કે એને ઉપર તેડી લાવ. તે સાંભળી તે તેણીને ઉપર તેડી ગયો. કાનાદેને રાજાએ કહ્યું કે મારૂ માથું ઘણું દુખે છે તેથી મારા માથામાં તેલ નાખ; કાનાદે પોતાના ધણીને રાજ્યના તેજે કરી ઓળખી શકી નહી તેથી તે બોલી કે હે પૃથ્વીનાથ ! હું પતિવ્રતા સતી છું તેથી હુ એ કામ કરવાને દલગીર છું. ત્યારે કાનરાજે કહ્યું કે જો તું મારા માથામાં તેલ નહીં નાખે તો હું તને કારા ગૃહમાં નાખીશ કાનાદે ઘણી ગભરાઈ ગઇ, અને આકાશ તરફ જોઇને કેહવા લાગી કે હે ! પમેશ્વર તુ મારી લાજ રાખજે. એમ કહી તે તેલ નાખવાને પછવાડે ખુરસી ઉપર બેઠી. આ બનાવ જોઈ તેના સાસુ સસરાએ વિચાર્યું કે વહુતો વંઠી ગઇ. એનું સ્વરૂપ જોઇ રાજા મોહીત થયો. તથી આપણી લાજ તેણે ખોહી તેથી તે આપણને કંઇ કામની નથી.

કાનાદેએ રાજાના માથામાં લોખંડનો તવો જોઇ પોતાનો સ્વામિ યાદ આવવાથી તેના ચક્ષુમાંથી આસું પડવા લાગ્યા કાનરાજ પોતાના ખભા ઉપર પાણી પડવાથી ઉચું જોઇને કહ્યું કે હે ! સ્ત્રી તું શા વાસ્તે રડેછે ? કાનાદેએ કહ્યું કે મારા સ્વામીને પરદેશ જતી વખતે આવો જે તવો સુંપ્યો હતો. તેને હું આજે જોઇને મને મારો સ્વામી યાદ આવવાથી રૂદન કરૂછું. કાનરાજે કહ્યું કે હું તારો પતી છું અને તેં મને જતી વખત પાંચ ખાજા આપ્યાં હતાં. આ સાંભળી કાનાદે લજ્જા પામીને હાથ જોડી ઉભી. કાનરાજ તરત પોતાના માત પીતા પાસે આવી દંડવત પ્રણામ કરી બોલ્યો જે હે પીતાજી ! તુ

મારી આ દશા જોઈ હું ઘણો દલગીર થાઉંછું. રાજાના મુખ થી આ વચન સાંભળી ધર્મદત્ત આશ્ચર્ય પામીને બે ઘડી વિચાર કરીને બોલ્યો જે. હે પૃથ્વીપતિ રાજન ! તમો અમો ગરીબ મજુરની મશ્કરી કરોછો, તે તમોને ઘટાર્થ નથી. કાનરાજે કહ્યું પિતાજી, તમે મને મારા રાજ્યના તેજે કરી ઓળખતા નથી, પણ સીતળા સાતમને દીવશે મારી માતાએ મને ભોજન કરવાને આ ઓખંડનો તવ્વો આપ્યો હતો. તે તવ્વો જોઈ ધર્મદત્ત પોતાના પૂત્રને ભેટી પડયો. પછી કાનરાજ પોતાના માત પીતા તથા સર્વ કુટુંબને રાજ્ય મેહેલમાં લઈ ગયો એટલે તરત તેની સ્ત્રી પ્રેમવંતી આવીને સાસુ સસરાને પગે લાગી, ને સુખ દુઃખની વાતો કરવા બેઠા. કાનરાજ પોતાનું સઘળું કુટુંબ જોઇને ઘણો હર્ષ પામ્યો, પણ પોતાના પ્યારા બેટા ગુણદત્તને જોયો નહી, તેથી તે દલગીર થઇને પોતાના પિતા પ્રત્યે કેહેવા લાગ્યો કે મારા પુત્ર ગુણદત્તને કયાં મુકીને આવ્યા છો? ને આ દસા તમને કેવા રીતે પ્રાપ્ત થઇ? તે મને કહો. આ સાંભળી ધર્મદત્ત સર્વ વૃતાંત અવ્વલથી તે આખર સુધી કહીને બોલ્યો જે, "પૈસાને લોભે કરી અમે તમારા પૂત્રને વાવમાં પધરાવ્યો છે"

કાનરાજને એક તરફ પોતાના માત પિતાને મળવાનો હર્ષ અને બીજી તરફ પોતાના પૂત્રની આ દસા સાંભળી તને અતિશય સોક થયો. તે દહાડો ચીંતામાં ને ચીંતામાં કહાડીને બીજે દીવશે મોતીલાળ નામના ચંચળ પંડીતને તેડાવીને સર્વ વૃતાંત કહીને બોલ્યો જે, મારો પુત્ર ગુણદત્ત મને પાછો મળે એવો ઉપાય બતાવો. મોતીલાલ પંડીત જે વેદ પુરાણ ઇત્યાદિ સાસ્ત્રો સીખેલો ઘણો હુશિયાર કેહેવાતો હતો તે રાજા પાસે બોલ્યો કે, જે પુરૂષ અથવા સ્ત્રી એક ચિત્તે કરીને શીતળા વ્રત કરી વિધિ પ્રમાણે પૂજન કરેછે તેની મન કામના પુર્ણ થાયછે જ્યપૂર્વે આહાદેવજીએ સનતકુમાર પ્રત્યે સીતળાના વ્રતનું મા

માહાત્મ્ય કહ્યું છે તે હું તમને કહું છું તે સાંભળો".

"સૌરાષ્ટ્ર દેશમાં સોભન નગર હતું, તેમાં એક ધનંદ નામનો સાહુકાર રહેતો હતો. ને ઘણો ધર્મ કરવામાં નિપૂણ (શ્રેષ્ટ) હતો તે નગરથી ચાર ગાઉને છેટે કોઇ કારણે કરી વનમાં એક દીવસે તે નિકળી પડયો હતો. ત્યાં પાણી બીલકુલ ન મળવાથી તેને ગરીબોની દયા જાણી એક પગથીઆ વાળી વાવ કરાવી, કે જેમાં ગાયો વિગેરે પશુઓ પોતાની મેળે ઉતરીને પાણી પી શકે એવી રીતે ઘણો પૈસો ખરચીને ઘણા વરસ સુધી ચાલે એવી મજબુત બંધાવી. અને તેની આસપાસ બગીચો (વાડી) બનાવ્યો, પણ તે વાવમાં પાણી આવ્યું નહીં, તેથી નિરાશ થઈ ને તે વાવ ઉપર વિચારમાં ને વિચારમાં સુતો, એટલે તેને સ્વપ્નામાં જળ દેવે આવીને કહ્યું કે તારી વાવમા પાણી આવવાનો એક ઉપાય બતાવું. તારા કુટુંબમાંથી એક બાળકનુ બળીદાન આપશે તો તરત વાવ પાણીથી ભરાશે, આ સ્વપ્નામાંથી તરત જાગીને જોયું તો કંઈ દીઠું નહી, ત્યારે તેણે ઘેર આવીને પોતાના દ્રવણ નામના પૂત્રને સર્વ વ્રતાંત કહી સંભળાવ્યું. દ્રવણે ધર્મનુ કામ જાણી પોતાના પૂત્રનું બળીદાન આપવાને કબુલ કર્યું. દ્રવણને બે પૂત્ર હતા, તેમા મોટાનુ સિતામણુ તથા નાનાનુ નામ ચંદામણુ હતું. સિતામણુનો ભોગ આપવાનો બાપ દીકરાએ ઠરાવ કર્યો, અને સ્ત્રીઓને આ વાત જણાવવું નહીં, તો આપણું કામ સિદ્ધ થશે. દ્રવણે કહ્યું કે મારી સ્ત્રી સુશીલાવતી ગર્ભવંતી છે તેથી તે તેના પીતાને ઘેર જશે, ત્યારે આપણું કામ સિદ્ધ થશે. ધનંદ પોતાના પૂત્રના આવા વચન સાંભળી ઘણો રાજી થઇને બોલ્યો કે હે પૂત્ર ! તને ધન્ય છે. તું પૂત્ર વડે હું પૂત્ર વાળો છું. એટલામાં તે સુશિલાવતી ને પીએરથી તેડું આવ્યું, તેથી તે પોતાના પિતાને ઘેર પૂત્રો સહીત જવાને તૈયાર થઇ. ત્યારે દ્રવણે કહ્યું કે સિતામણુને મુકીને, ચંદ્રામણુને લઇ જા. પોતાના પતીના

વચન પ્રમાણે સિતામણુને રાખીને સુશિલાવતી પિયર ગઇ. ત્યા
ર પછી સિતામણુના શરીરે તેલ ચોપડી પુષ્પના હાર પેહેરાવી
પૂર્વાષાઢાં નક્ષેત્રમાં સિતામણુને વાવમાં મુકીને કહ્યું કે, જલ દે
વતા પ્રસન્ન થાઓ. તેજ વખતે અમૃત જેવું મીઠું પાણી વા
વમાં ભરાઇ ગયું, તેથી છોકરો પાણીમાં ડુબી ગયો. તેનો સો
ક કરી અને પાણી ભરાવાનો હર્ષ ધરી બંને જણ ઘેર ગયા.

સુશિલાવતીએ ત્રીજા પુત્રને જન્મ આપ્યા પછી તે ત્રણ
માસે સોનેરી પાલખીમાં બેસી પોતાના પતીને ઘેર હર્ષથી આ
વતી હતી, તેને રસ્તામાં પેલી વાવ પાણીથી ભરાયલી દીઠી.
તેમાં સ્નાન કરી સ્વચ્છ થઇ ઉપર આવી, તે દીવસે તેને શ્રા
વણ સુદ ૭ નું સીતળાનુ વ્રત કરેલું હતુ તેથી તેણીએ સીતળા
નું પુજન કરવા સારૂં તે વાવની ભીત ઉપર, વાવના આકારે
ચિત્ર કાહાડી, જળ દેવતાઓ કાહાડી, બે બાળક સહીત એક
સ્ત્રી, તથા ત્રણ પુરૂષ કહાડીને, સાતઅસ્વ તથા વરષ (વાછર
ડા) તથા પાલખી કાહાડીને એક સોનાના વાસણમાં જળ દેવ
ની મૂર્તિ બાળક સહીત સોનાની, મૂકીને સાંજ વખતે ધુપ,
દીપ નૈવેદ ઇત્યાદિ, સોલ પ્રકારે પૂજા કરી. ચોખા તથા દહીં
અને કાકડીનું નૈવેદ ધરાવી તે બ્રાહ્મણોને આપી દીધું. એવી
રીતે તેણે છ વર્ષ સુધી આગળ વ્રત કરેલું હતું, અને આ સા
તમું વરષ જાણી વિધી પ્રમાણે હવન કરીને સાત સૌભાગ્ય
વંતી બ્રાહ્મણની સ્ત્રીઓને ભોજન કરાવીને પોતાને ઘેર જવા
સારૂં તૈયારી કરી, પાલખીમાં બેઠી. આવી રીતે પૂજન કરવા
થી સીતળાએ પ્રસન્ન થઇને તેના બાળક સિતામણુને જળમાંથી
લાવીને તે બાગમાં રમતો મુકી દીધો. સિતામણુ પોતાની મા
તાને જોઇને બેઠી પડયો. સુશિલાવતી પોતાના પૂત્રને સાથે લ
ઇને સોભન નગરમાં પોતાને ઘેર આવી, ત્રણ પૂત્ર સહીત વે
ને આવતી જોઇને ધનંદ તથા દવણુ અતિશય આશ્ચર્ય પામ
વા લાગ્યા." મોતીલાળ પંડીત આ કથા રાજા પ્રત્યે કહી ને

બોલ્યો કે હે રાજેન્દ્ર ! આ પ્રમાણે સિતળાનું વ્રત કરી આ વીધી પ્રમાણે પુજન કરવાથી તમારી મન કામના પુર્ણ થશે. કાનરાજે મોતીલાળ પંડીતના કહ્યા પ્રમાણે શ્રાવણ માસની સુકલ પક્ષની સપ્તમીને દીવશે ઉપરની વિધિ પ્રાણે સીતળા દેવીનું વ્રત કરી પોતાની વાવ ઉપર જઇ પૂજન કર્યું, એટલે સિતળા પ્રસન્ન થઇને ગુણદત્તને પાલણાં સહીત જળમાં તરતા મુકી દીધા. આ બનાવ જોઈ કાનરાજ તથા તેનું કુટુંબ ઈત્યાદી નગ્રના સર્વ લોકો ઘણાજ હર્ષથી ગુણદત્ત પત્રને લઈ વાજતે ગાજતે કાનરાજ રામપૂરમાં જઈ નિતી પ્રમાણે રાજ્ય ચલાવવા લાગ્યો. કેટલીક જાતના લોકો જેઓને એ વાતની ખબર ન હતી તે લોકો પણ સીતળાનું વ્રત ઉત્તમ જાણી શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની સપ્તમી આવેછે એમ જાણી તે વદ ૭ ને દીવશે પણ સીતળાનું વ્રત કરવા લાગ્યા તેને પણ સીતળા પ્રસન્ન થઇ ને તેમના મનોરથ પુર્ણ કરવા લાગ્યા મોતીલાળે કહ્યું કે એ કથા સ્કંધ પુરાણમાં શ્રાવણ માસના માહાત્મમાં માહાદેવજીએ શનંત કુમાર પ્રતે કહેલી છે, તે પ્રમાણે સીતળાનું વ્રત કરવાથી સર્વની મન કામના પુર્ણ થશે અને સીતળા શાતમને દીવસે આ કથા શ્રવણ કરવાથી અથવા પાઠ કરવાથી પાપ માત્ર નાશ પામે છે.

સમાપ્ત.

જાહેર ખબર.

આવતા અક્ટોબર માસથી અમારી તરફથી "વિદ્યાનંદ" નામનું એક માસિક ચોપાનીયું બાહેર પાડવામાં આવનાર છે. કીમત વર્ષ ૧ ના રૂપીઆ એક પોસ્ટેજ ૩ આના.

અમારે ત્યાંથી નિચે લખેલી ચોપડીઓ મળશે.

ચંદ્રસેન અને ચિત્રુ પદમણીની વાર્તા. કીમત ૮ આના.

ગુલાબ સોદ હાકોર અને કમળાવતીની વાર્તા (છપાય છે) અગાઉથી ૭ આના અને પછવાડે ૮ આના.

લા૦ વલભદાસ સુંદરજી.

ઠેકાણું - મુંબઈ જેઠા માધવ બજાર. [illegible] પાલા [illegible] ગાળામાં . [illegible] આશાની દુકાને.